## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... પાર્ટી તો નથી રહી... પરંતુ તેના આ કદાવર નેતાનું પૂતળું છે... ભવિષ્યમાં નડી શકે...!!

# રાજયભરમાં દારૂ-જુગારના અડ્ડાઓ બંધ કરાવવા ખાસ ડ્રાઈવ

### ૧૬ માર્ચ સુધી અસરકારક અને કડક કાર્યવાહી કરવા ડીજીપીએ તમામ જિલ્લાના પોલીસ વડાને સુચના આપી : ડ્રાઈવ માત્ર કાગળ ઉપર ન રહે તેનું ધ્યાન રાખવા સુચના

ગાંધીનગર, તા.૧૦

રાજયના પોલિસ વડાએ આજથી એક સપ્તાહ સુધી રાજયભરમાં દારૂ-જુગારના અડ્ડાઓ બંધ કરાવવા અને આ પ્રવૃત્તિઓ રોકવા ખાસ ઝુંબેશ રાખવા તમામ જિલ્લાના પોલિસ વડા અને એજન્સીઓને કડક સુચના આપી છે. આ સ્પેશીયલ ડ્રાઈવ માત્ર કાગળ ઉપર ન રહે અને ખરેખર અસરકારક તથા કડક કામગીરી થાય તે માટેનું ખાસ ધ્યાન રાખવા લેખિત આદેશ ડીજીપીએ કર્યો છે.

રાજયમાં દારૂબંધીના કડક અમલ માટે અને દારૂ તથા જુગારની પ્રવૃત્તિ અંકુશમાં લેવાના ઉદ્દેશથી ૧૦ માર્ચથી ૧૬ માર્ચ સુધી તમામ શહેર અને જિલ્લા ખાતે દારૂ-જુગારના પ્રવૃત્તિઓ રોકવા એક સપ્તાહની સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન કરવા ડીજીપીએ સુચના આપી છે. ડ્રાઈવ દરમિયાન તમામ લીસ્ટેડ બુટલેગરો અને જાણીતા જુગારીઓ ચેક કરવા અને ભુતકાળમાં તેમના અડ્ડાઓ જયાં ચાલતા હતા અથવા હાલ ચાલુ હોવાની શકયા હોય તેવા તમામ સ્થળોએ દરોડા પાડવા ડીજીપીએ આદેશ કર્યો છે. દરેક પોલિસ સ્ટેશનમાંથી શકય તેટલો મહત્તમ પોલીસ સ્ટાફ આ કામગીરી માટે ફાળવવામાં આવે અને સફળ દરોડાઓ પાડવામાં આવે તેવા આદેશ કરવામાાં આવ્યા છે. જિલ્લામાં એલસીબી, રેન્જ કક્ષાએ આરઆરસેલ તથા પીસીબી સાહીતની તમામ એજન્સીઓને પણ આ ડ્રાઈવમાં સક્રિય રહેવા સુચના અપાઈ છે. રાજયના તમામ જિલ્લાના પોલિસ અધિક્ષક, કમિશનર, સ્ટેટ મોનીટરીંગ સેલ અને રેન્જ ડીઆઈજીનો આ સપ્તાહની ડ્રાઈવની કડક અમલવારી કરાવવા જણાવવામાં આવ્યુ છે.




શહેરના સેકટર-૧૧ વાણીજય વિસ્તારમાં વર્ષોથી પાર્કીંગનો પ્રશ્ન સતાવે છે. દરેક વાહન માલિક આડેધડ વાહનો પાર્ક કરીને જતા રહેતા અન્ય વાહન ચાલકને ભારે પરેશાનીનો સામનો કરવો પડે છે. આડેધડ વાહનોને પગલે ત્યાંથી પસાર થવું પણ મુશ્કેલ બની જતું હતું. જેને પગલે વાહનો પાર્કીંગમાં યોગ્ય રીતે મુકવામાં આવે તે માટે સ્થાનિક દુકાનદારોએ ફુટપાથ પાસે નો પાર્કીંગના બોર્ડ મુકવામાં આવ્યા છે. લોક જાગૃતિ માટે મુકવામાં આવેલા નો પાર્કીંગના બોર્ડ મુકવા છતા શિક્ષણ નગરીમાં રહેતા નાગરીકો તેની આસપાસ જ આડેધડ વાહન પાર્ક કરતા હોય છે જે તસ્વીરમાં નજરે પડે છે. ત્યારે ગમે તેમ અડચણરુપ મુકતા વાહન ચાલકો સામે દંડનીય કાર્યવાહીની જરુર છે.

# અંશકાલીન ચાર હજાર કર્મચારીઓની નોકરી પર ઝળુંબતો ખતરો

### પડતર પ્રશ્નો અંગે વિરોધ પક્ષના નેતાને આવેદનપત્ર પાઠવ્યું

ગાંધીનગર, તા.૧૦

રાજય સરકારમાં કાયમી કર્મચારીઓની ભરતી કરવામાં આવતી નથી અને તેના સ્થાને ખાનગી એજન્સીના કર્મચારીઓને કરાર આધારીત નોકરી પર રાખવાની પ્રથા સતત વધી રહી છે. કોન્ટ્રાકટ પ્રથામાં કર્મચારીઓને માત્ર ૧૧ માસ જ રોજગારી મળે છે. કર્મચારીઓના મનમાં સતત નોકરી છીનવાઈ જવાનો ભય સતાવે છે. ત્યારે રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ૪ હજાર કર્મચારીઓની આઉટસોર્સિંગ દ્વારા ભરતી કરાય તેવી ભિતી અનુભવાય છે જેને પગલે અંશકાલીન કર્મચારીઓને રોજગારી છીનવાઈ જાય તે પહેલા કોન્ટ્રાકટ પ્રથા બંધ કરવા વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણી અને ગાંધીનગરના ધારાસભ્ય સી.જે.ચાવડાને આવેદન પત્ર પાઠવી આ અંગે યોગ્ય કરવા રજુઆત કરી છે.

ગુજરાત રાજય અંશકાલીન કર્મચારી મંડળના જિલ્લા કન્વીનર દિનેશ સોલંકી જણાવે છે કે છેલ્લા ઘણા વર્ષોથી તેમના પડતર પ્રશ્નોનો નિકાલ આવતો નથી. જેમાં મુખ્યત્વે તા.૧૦-૨-૨૦૦૬ ના છુટા કરેલ કર્મચારીઓને સ્થાપિત કરવા, ગુજરાત રાજયની કચેરીઓમાં એક કલાક કામ કરતા કર્મચારીઓને એક વર્ષ બાદ ચાર કલાક પ્રમોશન આપવા, છ કલાક કામ કરતા કર્મચારીઓનો પૂર્ણકાલીન તરીકેનો ઓર્ડર ૩ વર્ષે આપવો, પ્રાણ પ્રશ્નોનું નિરાકરણ ન આવતા ગુજરાત હાઈકોર્ટમાં પિટીશન દાખલ કરવામાં આવી અને આજદિન સુધી કેસોમાં વધારો થતો રહ્યો છે. જેથી ગુજરાત સરકારનો વહીવટ કાંટાવાળો તાજ બની ગયેલ છે. જેમાં રહેમનજર રાખી સમાધાન માટે મીટીંગ કરવી અને માર્ગ નીકાળવો, પૂર્ણકાલીન ફરજ પર હાજર થતાની સાથે અન્ય કોઈ સ્તાન પર બદલી ન કરવી, ભરતી અને બઢતીના નિયમો બનાવવા, ત્યારે એક દાયકા જેટલો સમય થઈ ગયો હોવા છતા કોઈ નિવેડો આવ્યો નથી જેને પગલે અંશકાલીન કર્મચારીઓએ વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણી અને ગાંધીનગર ઉતરના ધારાસભ્ય ડો.સી.જે.ચાવડાને આવેદન પત્ર પાઠવી રજુઆત કરી આ અંગે યોગ્ય કરવા રજુઆત કરી છે.




પ્લાસ્ટીક મુકત ગાંધીનગર કાર્યક્રમ અંતર્ગત ભારત વિકાસ પરિષદ મહિલા પાંખ દ્વારા આજે ગાંધીનગર શહેરના સેકટર-૨૧ શાકમાર્કેટમાં શાકભાજીની ખરીદી માટે આવતા દરેક નગરજનોને કાપડની થેલી ફ્રીમાં આપવામાં આવી હતી. આ પ્રસંગે ભારત વિકાસ પરિષદના સભ્યો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

# ચિલોડા સર્કલ પાસેથી દારૂ ભરેલી લકઝરી પકડી પાડી

### કાનપુર પાટીયા પાસેથી દારૂનો જથ્થો ભરેલી સેન્ટ્રો ગાડી પકડી : રૂ. ૧૭ લાખના મુદ્દામાલ સાથે સાત આરોપી પકડાયા : એક ફરાર

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર આર.આર. સેલ દ્વારા બે દિવસમાં હિંમતનગર-ચિલોડા હાઈવે ઉપરથી વિદેશી દારૂની હેરાફેરી કરતાં બે વાહનો પકડી પાડવામાં આવ્યા છે. કાનપુર પાટીયા પાસેથી સેન્ટ્રો ગાડીમાં દારૂ ભરીને જતા બે શખ્સોને જયારે ચિલોડા સર્કલ પાસેથી વિદેશી દારૂનો જથ્થો લકઝરીમાં ભરીને જતા પાંચ શખ્સોને પકડી પાડયા છે. બે સ્થળેથી બે વાહનો પકડી રૂ. ૧૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને આર.આર. સેલે સાત આરોપીઓને દબોચી લઈ ઊંડી પુછપરછ શરુ કરી છે તો બીજી તરફ લકઝરી લઈને આવેલો ડ્રાઈવર ફરાર થઈ જતા તેને શોધવા કવાયત શરુ કરી છે.

ગાંધીનગર રેન્જ ડીઆઈજી મયંકસિંહ ચાવડાની સુચનાથી તેમની આર.આર. સેલના પીએસઆઈ ભાવેશ રબારી તથા તેમની ટીમ દારૂની થતી હેરાફેરી પર ખાસ નજર રાખી રહી છે.ગઈ કાલે આર.આર. સેલ પીએસઆઈ ભાવેશ રબારી તથા તેમની ટીમના હે.કો. યશવંતસિંહ, જોગીન્દ્રસિંહ, મુકેશસિંહ, કિશનસિંહ અને દેવુસિંહ સહીતના માણસો ગાંધીનગર જિલ્લામાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન ચોકકસ બાતમીને આધારે હિંમતનગર તરફથી ચિલોડા તરફ આવી રહેલી જીજે ૧ એચ.ઈ. ૬૭૪૭ નંબરની સેન્ટ્રો કારને કાનપુર પાટીયા પાસેથી પકડી પાડી હતી. અમદાવાદ શાહીબાગના સની લાલજી સોલંકી અને વિજય ભીખા સોલંકીને ૪૮ નંગ વિદેશી દારૂની




બોટલો સાથે રૂ.૫૬,૬૦૦ના મુદ્દામાલ સાથે દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તો બીજી તરફ રાત્રે પેટ્રોલીંગમાં નીકળેલી આ ટીમને ચિલોડા પાસેથી લકઝરીમાં દારૂની હેરાફેરી થવાની હોવા અંગે બાતમી મળતા વૉચ ગોઠવી દીધી હતી. બાતમી આધારે ચિલોડા સર્કલ ઉપર નાકાબંધી કરીને આર.જે. ૨૭પી.બી. ૭૭૧૧ નંબરની ક્રિશ્ના ટ્રાવેલ્સની લકઝરી પકડી પાડી હતી. લકઝરીમાં તપાસ કરતાં અંદરથી ૩૨૭ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. રૂ. ૧,૩૩,૬૦૦ની કિંમતનો દારૂ તથા ૧૫ લાખની લકઝરી અને સાત મોબાઈલ મળી રૂ. ૧૬,૩૯,૦૦૦ની કિંમતના મુદ્દામાલ સાથે આર.આર. સેલે પાંચ આરોપીઓ લકઝરીમાંથી પકડી પાડયા હતા. કલીનર કાળુસિંહ પ્રતાપસિંહ શક્તાવત (ઉદેપુર), અમદાવાદના પવનદાસ ગોપાલદાસ વૈષ્ણવ, ઉદેપુરના સુરેશ કાલુલાલ (કલાલ) ચૌધરી, ગણેશ રૂડાજી મીણા અને મીઠ્ઠુલાલ લસ્સીરામ મીણા મળી પાંચની ધરપકડ કરી લીધી હતી. જયારે ડ્રાઈવર માંગીલાલ રાવત રફ્ફુચક્કર થઈ ગયો હતો. આર.આર. સેલે બંને કેશ કરીને રૂ. ૧૬,૯૫,૬૦૦ના મુદ્દામાલ સાથે સાતની ધરપકડ કરી ઊંડી પુછપરછ શરુ કરી છે.

# નાઈપરના પાંચમાં કોન્વોકેશનમાં ૩ને પીએચડી અને ૫૪ને ફાર્માની ડીગ્રી અપાઈ

### ભારતના ફાર્માસ્યુટિકલ ઉદ્યોગના વિકાસ માટે વિજ્ઞાનનું ગુણવત્તાયુક્ત શિક્ષણ અને સંશોધન જરૂરી : નિષ્ણાંતો

ગાંધીનગર, તા. ૧૦

નાઈપર, અમદાવાદના ગાંધીનગર ખાતેના સંકુલમાં યોજાયેલા ૫માં પદવીદાન સમારંભમાં ૩ વિદ્યાર્થીને પીએચડી અને ૫૪ વિદ્યાર્થીને એમ.એસ.(ફાર્મા) ડીગ્રી એનાયત કરાઈ છે. નાઈપર અમદાવાદમાંથી કુલ ૩૧૬ વિદ્યાર્થી ગ્રેજ્યુએટ થઈ ચૂકયા છે અને હાલમાં




૧૪૧ વિદ્યાર્થી એમ.એસ.(ફાર્મા) ડીગ્રી માટે વિવિધ વિદ્યાશાખાઓમાં અભ્યાસ કરી રહ્યા છે. કુલ ૨૯ વિદ્યાર્થીઓએ પીએચ.ડીનો અભ્યાસ ચાલુ રાખ્યો છે અને ૨૦૧૧ની બેચમાંથી ૨ વિદ્યાર્થીઓએ તેમનો ડોકટરલ અભ્યાસક્રમ પૂરો કરી દીધો છે.

નાઈપરનું વિઝન ફાર્માસ્યુટિકલ અને બાયોમેડિકલ સાયન્સીસના ક્ષેત્રે શિક્ષણ, સંશોધન, પ્રોફેશનલ તથા ઉદ્યોગ સાહસિકતાલક્ષી તાલીમમાં દેશ-વિદેશમાં માન્ય પ્રીમિયર સેન્ટર ઓફ એક્સેલન્સ બનવાનું છે.

પદવીદાન સમારંભના મુખ્ય મહેમાન આઈઆઈએસઈઆર, તિરૂપતિના ડિરેક્ટર ડૉ. કે.એન. ગણેશે જણાવ્યું હતું કે 'ભારતમાં ૯૦૦થી વધુ યુનિવર્સિટીઓ અને ૩૦,૦૦૦થી વધુ કોલેજો હોવા છતાં હજુ પણ સક્ષમ શિક્ષણ મેળવવા ઈચ્છતા યુવાનોને પુરતી અને ગુણત્તાયુક્ત તાલીમ મળતી નથી. આ ઉપરાંત કરોડોની સંખ્યાનો એમાં ઉમેરો થઈ રહ્યો છે. આ માટે જૂના અભ્યાસક્રમો, શિક્ષણની મર્યાદિત અને નબળી માળખાગત સુવિધાઓ, કોલેજોના શિક્ષકોમાં સંશોધનની મર્યાદિત પ્રવૃત્તિ તથા મર્યાદિત સ્ટાફને કારણે ટર્શિયરી શિક્ષણમાં નબળી ગુણવત્તા જોવા મળે છે. દેશમાં નવી પેઢી દ્વારા આર્થિક વૃદ્ધિ હાંસલ થાય તે માટે આપણે વિજ્ઞાનના શિક્ષણ અને સંશોધન પર ભાર મુકવાની જરૂર છે. આવા પરિવર્તન માટે અંડરગ્રેજ્યુએટ ક્ષેત્રે શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવાની જરૂર છે.

નાઈપર, અમદાવાદ આગામી દિવસોમાં વધુ મોટુ અને વધુ બહેતર બનવા માટે પ્રયત્નશીલ છે. તાજેતરમાં નાઈપર, અમદાવાદે અમેરિકાની હાર્વર્ડ મેડિકલ સ્કૂલ, જ્હોન્સ હોપકિન્સ મેડિકલ સ્કૂલ, એમઆઈટી, મિલર સ્કૂલ ઓફ મેડિસિન્સ, યુનિવર્સિટી ઓફ વોશીંગ્ટન અને આયર્લૅન્ડની યુનિવર્સિટી ઓફ ગેલ્વે સાથે સંશોધન સહયોગ કર્યો છે.

નાઈપર, અમદાવાદના ડિરેકટર પ્રો. કિરણ કાલિયાએ જણાવ્યું હતું કે 'દેશ વિદેશના પ્લેટફોર્મ સાથે ઈનોવેશન, રૂપાંર અને સહયોગના સ્તંભો પર વિશ્વ સ્તરની સંસ્થાઓનું નિર્માણ થતુ હોય છે. નાઈપર અમદાવાદની મજલનો પ્રારંભ ૫ર્ડમાં સીડીંગ ઈન્સ્ટિટ્યુય તરીકે થયો હતો. એ વખતે તે મેન્ટર ઈન્સ્ટિટ્યુટ હતુ. આજે આ તબક્કે હું અમારી સંસ્થાને વર્તમાન સ્વરૂપમાં આકાર આપવા બદલ નાઈપર, અમદાવાદ પરિવારના તમામ સભ્યોનો હૃદયપુર્વક આભાર માનુ છુ. અમે વર્ષ ૨૦૦૭ અને ૨૦૧૧માં ૩ સ્પેશ્યાલાઈઝેશન સાથે સંસ્થાની શરૂાત કરી હતી. આજે તેની સંખ્યા વધીને ૭ થી છે, જેમાં બાયોટેકનોલોજી, નેચરલ પ્રોડકટસ, ફાર્માસ્યુટિકસ, ફાર્માસ્યુકિલ એનાલિસીસ, મેડિસિનલકેમિસ્ટ્રી, ફઆર્મેકોલોજી અને ટોકસીકોલોજી અને મેડિકલડિવાઈસિસનો સમાવેશ થાય છે. અમે દેશના ફાર્માસ્યુટિકલ હબ ગણાતા અમદાવાદ શહેરમાં હોવા માટે અમને નસીબદાર સમજીએ છીએ.

## સે-૪ ગાર્ડન ખાતે કાનૂની શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧૦

જીલ્લા અદાલત ગાંધીનગર દ્વારા તા.૧૨ માર્ચને સોમવારના રોજ સેકટર-૪ ના જાહેર બગીચામાં કાનૂની શિબિરનું આયોજન સાંજના ૫ થી ૬ કલાક દરમિયાન કરવામાં આવેલ છે. આ શિબિરમાં મોબાઈલ હેન્ડસેટ, એપ્લીકેશન, ફેસબુક જેવા સોશ્યલ મિડીયા, બેંક એટીએમ કાર્ડ, બીલ વારસાઈ તથા મહિલાઓ માટેના વિવિધ કાયદા-યોજનાઓ તેમજ આરોગ્યલક્ષી અંગેની વિવિધ જાણકારી આપવામાં આવનાર છે. આ શિબિરમાં જીલ્લા અદાલતના પેરાલીગલ વોલીન્ટીયર્સ જયરામભાઈ સોની, દિનેશ દવે, સીતારામભાઈ પટેલ, વિમળાબેન અયામી, તથા જીગીશાબેન તેમજ અનિલભાઈ કકકડ વિવિધ વિષયો પર નાગરીકોને માર્ગદર્શન આપશે તો સેકટરના નાગરીકોએ મોટીસંખ્યામાં હાજર રહેવા અનુરોધ કર્યો છે.

## સ્વ. દિવ્યાબેન રાવલના ચક્ષુઓનું દાન કરાયું

ગાંધીનગરના સે-૧-સીના નિવાસી દિવ્યાબેન પ્રબોધભાઈ રાવલનું અવસાન થતા તેમની ઈચ્છાનુસાર તેમના કુટુંબીજન ચેતનભાઈ રાવલની સંમતિથી જુનિયર સિટીઝન્સ કાઉન્સિલ દ્વારા તેમના ચક્ષુઓનું દાન પ્રાપ્ત કરવામાં આવ્યું છે. આ ચક્ષુદાન માટે તબીબી સેવાઓ ડૉ. સૌરભ, ડૉ. મુસ્તફા તેમજ જુસીકાના કાર્યકર હિતેષ રાવલ તથા દિનેશ દવેએ ચક્ષુઓ લેવાની સેવાઓ પુરી પાડી હતી. સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ સિવીલ હોસ્પિટલ ખાતેની ચક્ષુબેંકમાં પહોંચાડવાનું ભગીરથ કાર્ય દિલીપભાઈ દંતાણીએ કર્યું હતું.

